# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

## પાટણ- ૩૮૪૨૬૫

<u>પરિપત્ર નં. : ૬૧૨/૨૦૨૬</u>

**વિષય : થેલેસેમિયા સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવા બાબત**

**સંદર્ભ : ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી,ગુજરાત ના પત્ર ક્રમાંક ટી.પી.પી/૨૦૨૬-૨૭/૦૭૧૯ તારીખ.૦૮/૦૬/૨૦૨૬**

**શ્રીમાન,**

આ યુનિવર્સિટીના વિવિધ શાખાના અધિકારીશ્રીઓ/ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ/ તથા કૉ-ઓર્ડિનેટરશ્રીઓને અને આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા રાજયની યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં તમામ વિધાર્થીઓનું થેલેસેમિયા સિકલ સેલ, એનિમિયા અને હિમોગ્લોબિનોપેથી પરીક્ષણ દર વર્ષે નિયમિત રીતે કરવામાં આવે છે. તથા વિધાર્થીઓને પ્રિ-કાઉન્સેલિંગ દ્વારા થેલેસેમિયા અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવે છે. તેમજ પરીક્ષણના સામાજીક સેવાના ભાગરૂપે સદર સંસ્થા દ્વારા ટોકન ચાર્જ રૂપિયા ૧૫૦/- માં CBC/HPLC ટેસ્ટ કરવામાં આવે છે. આપના વિભાગ/કોલેજ કક્ષાએ અભ્યાસ કરતાં વિધાર્થીઓ ને થેલેસેમિયા ટેસ્ટ કરાવે તે માટે જરૂરી માર્ગદર્શન/સૂચનાઓ આપના સ્તરેથી આપવામાં આવે અને આયોજન કરવામાં આવે તે જોવા વિનંતી.

આપની કોલેજ કક્ષાએ કાર્યક્રમ પૂર્ણ થયા પછી થેલેસેમિયા ટેસ્ટ કરાવેલ ભાઈઓ અને બહેનોની સંખ્યા સાથેનો અહેવાલ તેમજ ફોટોગ્રાફ અત્રેની કચેરી એ હાર્ડકોપીમાં તથા ઈમેલ દ્વારા મોકલી આપવા વિનંતી.

Email :- nsshngu@gmail.com

( કે. કે. ઠક્કર )
પ્રોગ્રામ કૉ-ઓર્ડિનેટર
રાષ્ટ્રીય સેવા યોજના

નં./એન.એસ.એસ/૨૫૪ /૨૦૨૬
તા: ૧૬/ ૦૬/૨૦૨૬

પ્રતિ,

૧. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ અમલ કરવા સારૂ...
૨. યુનિવર્સિટીના વિવિધ શાખાના અધિકારીશ્રીઓ/ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ/ તથા કૉ-ઓર્ડિનેટરશ્રીઓ તરફ અમલ કરવા સારૂ...

<u>સવિનય નકલ રવાના જાણ સારૂ :</u>

૧. માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રી નું કાર્યાલય, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૨. જનરલ સેક્રેટરી, રેડક્રોસ ભવન, આશ્રમ રોડ, જૂના વાડજ સર્કલ પાસે,અમદાવાદ તરફ જાણ સારું.
૩. નિયામકશ્રી, એન.એસ.એસ.પ્રાદેશિક કચેરી,૭-ગાંધીકુંજ સોસાયટી,કોચરબ આશ્રમ,પાલડી,અમદાવાદ
૪. રાજ્ય એન.એસ.એસ.અધિકારીશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ની કચેરી, જુના સચિવાલય,ગાંધીનગર
૫. મહેકમ શાખા, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ (પરિપત્ર ફાઈલે)
૬. સીસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટર (યુનિવર્સિટીના વેબસાઈટ ઉપર મૂકવા સારું)
૭. સંબધિત ફાઈલે.